Gujarat Samachar (Plus)

EDI

November 22, 2016
Page No. 4

# ગુજરાતના ઉભરતા સ્ટાર્ટઅપ્સે પોતાના વિચારો રજૂ કર્યા

અમદાવાદ સ્થિત એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા ગુજરાતના ૪૦ સૌથી આશાસ્પદ અને ઉભરતા સ્ટાર્ટ અપ સાથે એક ઈન્ટર એક્ટિવ સેશનનું આયોજન કર્યું હતું. જેમાં વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ 'રાઈઝિંગ સ્ટાર્ટ અપ ઓફ ગુજરાત'ના ભાગરૂપે પસંદગી પામેલા આ સ્ટાર્ટ અપ્સે ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે ઉભરતા ઉદ્યોગ સાહસિકો અને સ્ટર્ટઅપમાં રસ ધરાવતા લોકો સહિતના શ્રોતાઓએ પોતાના દ્રષ્ટીકોણ રજૂ કર્યો હતો.

ઈડીઆઈઆઈ દ્વારા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ઉભરતા ઉદ્યોગ સાહસિકો માટે નેટવર્કિંગ પ્લેટફોર્મ પ્રદાન કરવાનો તથા પ્રારંભિક વર્ષોમાં કામગીરીના પડકારોને સમજવા માટેનું માળખુ તૈયાર રકવા તેમજ યોગ્ય સહકાર અને સલાહ પ્રદાન કરવાનો હતો. આ અંગે ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કોર્પોરેશના અધ્યક્ષ અને મેનેજીંગ ડિરેક્ટર ડી. થારા કહે છે કે, આજે આપણે જોઈએ છીએ કે સ્ટાર્ટ અપના ક્ષેત્રમાં વધુને વધુ ઉમેદવારો નવા વિચારો અને નવીનતમ કારોબારી વલણ સાથે પ્રવેશી રહ્યાં છે.

ખરેખર તો આ બાબત આપણાં જેવા નીતિ ઘડવૈયાઓને આવા ઉભરતા સાહસિકોને ભંડોળ, તાલીમ અને કેળવણી પુરી વાડવાની પ્રણાલીનું સર્જન કરીને તેમને સહકાર પ્રદાન કરવા પ્રોત્સાહિત અને પ્રેરિત કરે છે.

સરકાર પાછલા કેટલાંક વર્ષોથી સ્ટાર્ટઅપ પ્રક્રિયાને સક્રિયુપણે સુવિધાજનક બનાવી રહી છે અને અમને આશા છે કે, આપણા પ્રયાસો ઘણા ઉભરતા ઉદ્યોગ સાહસિકોને વધવામાં પ્રોત્સાહન પુરૂ પાડશે.